ગાંધીનગર સમાચાર

# રાજ્યના કલાકારોને પ્રોત્સાહિત કરવાના હેતુથી વર્ષ ૨૦૧૯-૨૦ માટે ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરાશે

## તા. ૨૨ ફેબ્રુઆરી-૨૦૨૧ સુધી કલાકારોએ લલિતકલા અકાદમી ખાતે અરજી કરવાની રહેશે : રૂ. ૫૧,૦૦૦/-નો રોકડ પુરસ્કાર અપાશે

ગાંધીનગર, તા.૨૦

કલાકારોને પ્રોત્સહિત કરવાના હેતુથી ગુજરાત રાજય લલિતકલા અકાદમી દ્વારા કલાકારોને ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. જે અંતર્ગત રૂ. ૫૧,૦૦૦નો રોકડ પુરસ્કાર, શાલ, તામ્રપત્ર આપવામાં આવશે. ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની લલિતકલા અકાદમી દ્વારા રાજયના ચિત્રકલા, છબિકલા, શિલ્પકલા સહિતનાં ક્ષેત્રમાં વિશિષ્ટ અને ગણનાપાત્ર યોગદાન પ્રદાન કરનારા ગુજરાત રાજ્યમાં સ્થાયી થયેલા ગુજરાતના કલાકારોનું સન્માન કરાશે.

લલિતકલા અકાદમી ગૌરવ પુરુસ્કૃત કલાકારો, અકાદમીના ભૂતપૂર્વ સભ્યો, અધ્યક્ષો, સાંસદસભ્યઓ, ધારાસભ્યશ્રીઓ તથા માન્ય યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ કલાકારોની ભલામણ કરી શકશે, તેમજ કલાકાર જાતે પણ અરજી કરી શકશે.

ગૌરવ પુરસ્કાર સન્માનને પાત્ર કલાકારોએ નામ, સરનામું, જન્મતારીખ-ઉંમર, ટેલીફોન/મોબાઇલ નંબર, ગૌરવ પુરસ્કારનું ક્ષેત્ર, કલાના ક્ષેત્રમાં કરેલ પ્રમુખ પ્રદાનની વિગત, તેને સમર્થન આપતી વિગતો (બાયોડેટા) તથા આધારકાર્ડ/ચુંટણીકાર્ડની ઝેરોક્ષ સહિતની માહિતી સાથે લલિતકલા અકાદમીના કાર્યાલય ખાતે અરજી કરવાની રહેશે.

સ્પર્ધામાં નામાંકન કરવા ઈચ્છૂક કલાકારોએ આગામી તા. ૨૨મી ફેબ્રુઆરી-૨૦૨૧ સુધીમાં "સચિવશ્રી, ગુજરાત રાજય લલિત કલા અકાદમી, રવિશંકર રાવળ કલા ભવન, ભાઈકા કાકા હોલની સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬"ને અરજીપત્રકો રજૂ કરવાના રહેશે.

ગૌરવ પુરસ્કાર માટે અગાઉ અરજી કરી હોય તેવા કલાકારોએ નવેસરથી ભલામણ કે અરજી કરવાની રહેશે. પરંતુ જે કલાકારોએ વર્ષ ૨૦૧૬-૧૭, વર્ષ ૨૦૧૭-૧૮ અને વર્ષ ૨૦૧૮-૧૯ માટે ગૌરવ પુરસ્કાર મેળવવા અરજી કરી હોય તે કલાકારોએ પુનઃઅરજી કરવાની રહેશે નહીં. ગૌરવ પુરસ્કાર માટે કલાકારની પસંદગી અંગે સક્ષમ સમિતિનો નિર્ણય આખરી ગણાશે. મળેલી ભલામણો પરત કરવામાં આવશે નહીં જેની નોંધ લેવા પણ લલિત કલા અકાદમી સચિવની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સ્પોર્ટ્સ યુનિવર્સિટી અને સાંકળચંદ પટેલ યુનિવર્સિટી વચ્ચે સહયોગના સમજૂતી કરાર

ગાંધીનગર, તા.૨૦

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિડૉ. અર્જુનસિંહ રાણાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે ગુજરાત સરકારશ્રી એ મારા પર વિશ્વાસ મુકી મને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીનું સુકાન સોંપ્યું છે સાથે સાથે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ફીટ ઈન્ડિયા મુવમેન્ટના ગુજરાત રાજયના બ્રાન્ડ એમ્બેસેડર તથા નોડલ ઓફિસર તરીકે ગુજરાતના નિર્ણાયક મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જવાબદારી સોંપી છે ત્યારે સમગ્ર ગુજરાતની જનતા ફીટ રહે એ માટે મારે કાર્ય કરવાનું છે અને હું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબના વિઝન અને નિર્ણાયક મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના મિશનને દ્રઢ સંકલ્પ લઈને જન-જન સુધી પહોંચાડવા માટે કટિબદ્ધ છુ. સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે સ્પોર્ટ્સને લગતા કાર્યક્રમ થાય તથા ત્યાંના તજજ્ઞો માટે ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ થાય તે માટે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી તરફથી ટેકિનકલ સપોર્ટ પૂરો પાડવા માટે વિશ્વાસ પ્રગટ કર્યો હતો. ગુજરાત રાજયના એનર્જેટિક અને યન્ગ રમતગમત મંત્રી ઈશ્વરસિંહ પટેલજીના સતત માર્ગદર્શન




હેઠળ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી ગુજરાતના પ્રત્યેક ડિસ્ટ્રિક અને તાલુકા સુધી ફિટનેસ, વેલનેસ, ફીઝીકલ એક્ટિવિટી અને સ્પોર્ટ્સ પહોંચાડીને જે કાર્ય કરે છે તેમાં સાંકળચંદ પટેલ યુનિવર્સિટી આજે સાથે જોડાઈને આ કાર્યને વધારે વેગવંતુ અને વધારે લોકો સુધી પહોંચાડવાનું કાર્ય હાથ ધરેલ છે. આ એમ.ઓ.યુ થકી યુનીવર્સીટીના મહત્તમ વિદ્યાર્થીઓને સાથે જોડીને તેમના થકી સમાજમાં એકટીવ લિવિંગનું મહત્વ પ્રસ્થાપિત કરી શકાશે. કુલપતિશ્રી ડૉ.અર્જુનસિંહ રાણા દ્વારા સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાં યુથ કલબની પ્રસ્થાપના બાદ, યુથ કલબમા વિદ્યાર્થીઓ ફિટ ઈન્ડિયા યુથ કલબના બ્રાન્ડ એમ્બેસેડર બને અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના ફિટ ઈન્ડિયા વિઝન અને નિર્ણાયક મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું હેલ્થી ગુજરાત મિશન પૂર્ણ થાય તે પ્રમાણેની કાર્યવાહી આગામી સમયમાં સાથે રહીને કરવામાં આવશે તેવો વિશ્વાસ પ્રગટ કાર્યો.

કાર્યક્રમમાં ઉપસ્થિત સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સીટીના કુલપતિશ્રી ડૉ. અર્જુનસિંહ રાણા સ્પોર્ટ્સ ક્ષેત્રમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે ખુબ જ લાંબો અનુભવ ધરાવે છે. તેઓ ભારતની નેશનલ ક્રીકેટ ટીમ, ભારત એ તથા ભારતની અન્ડર ૧૯ ક્રિકેટ ટીમના સ્પોર્ટ્સ ફીઝીયોથેરાપીસ્ટ તરીકે જવાબદારી સાંભળી ચૂકયા છે. તેઓ ૨૬ વરસ કરતા વધુ સમયથી સૌરાષ્ટ્ર રણજી ક્રિકેટ ટીમ તથા બીસીસીઆઈ સાથે સંકળાયેલ છે અને ભારતની સ્પોર્ટ્સની ટીમો સાથે દેશ-વિદેશની ટૂર કરી છે. અર્જુનસિંહ રાણા સ્પોર્ટ્સ ફાઉનડેસન વર્ક દ્વારા પેરા ઓલમ્પીક ખેલાડીઓને દતક લેવામાં આવે છે હાલ ૬ ખેલાડીઓ આ ફાઉનડેસન દ્વારા દતક લેવામાં આવ્યા છે.

## જન્મદિને વધામણી



ગિરીશ ઠક્કર
મો. ૯૮૯૮૫ ૯૫૫૦૭



પ્રમોદકુમાર પટેલ
મો. ૯૪૨૮૩ ૫૧૫૪૬



વિશેષ સચિન ભટ્ટ



હર્ષ પરમાર
મો. ૮૩૪૭૪ ૮૨૨૨૨



રીતુ જે પટેલ
મો. ૯૭૭૯૨ ૬૦૮૦૫



રિયાંશી જે. દાતણીયા
મો. ૯૯૭૪૮૨૧૦૨૭

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારનો મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# મોઢેરા ઉત્તરાર્ધ મહોત્સવ ૨૧-૨૨મી જાન્યુઆરીએ સૂર્યમંદિર ખાતે યોજાશે

મહેસાણા,

ગુજરાતમાં સંસ્કારોનું આદાન-પ્રદાન આર્યોના આગમનથી થયું હતુ પરંતુ સંગીત અને નૃત્યના સંસ્કારો રોપવાનું શરૂ થયું યાદવોના કાળથી, અને આ પ્રવૃત્તિઓનાં સંસ્કાર નાયક હતા શ્રી કૃષ્ણ. આવો જ એક સંસ્કૃતિ-સંસ્કાર સભર ઉત્સવ મોઢેરા ખાતે "ઉત્તરાર્ધ મહોત્સવ" ઉજવાઇ રહ્યો છે.

**"ઉત્તરાર્ધ મહોત્સવ"**

પ્રાચીન ભારતમાં ભવ્ય સ્થાપત્યકલા અને અદ્વિતિય મંદિરોના મંડપમાં સૂર્યદેવની પૂજા અર્ચના માટે શાસ્ત્રીય નૃત્યનો નગર ઉત્સવ ઉજવાતો હતો એવું પૌરાણિક કથામાં ઉલ્લેખ છે. આ ઉત્સવને જીવંત રાખવા રાજ્ય સરકાર દ્વારા મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના સુપ્રસિધ્ધ મોઢેરા સૂર્યમંદિરના સભામંડપમાં "ઉત્તરાર્ધ શાસ્ત્રીયા નૃત્ય" ઉત્સવની ઉજવણી ૧૯૯૨ થી થાય છે. ગ્રામજનોમાં આજે પણ શિલ્પ, સ્થાપત્ય, સંસ્કૃતિ અને કલાને જીવંત રાખી લોકોને સહભાગી કરવાનો રાજ્ય સરકારનો મુખ્ય ઉદ્દેશ છે.



પ્રતિ વર્ષ ૧૪મી જાન્યુઆરી પછી સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે. મકરસંક્રાંતિ પછી સૂર્ય પૃથ્વીની ઉત્તરમાં ગતિ કરે છે અને આ સંક્રિયાને ઉત્તરાયણ કહે છે અને તે હેતુથી ઉત્તરાયણના પછીના બે દિવસ માટે રાજ્ય સરકાર દ્વારા "ઉત્તરાર્ધ મહોત્સવ" સાંસ્કૃતિક પરંપરાથી ઉજવાય છે.

**સૂર્યમંદિર**

મોઢેરાનું સુપ્રસિધ્ધ સૂર્યમંદિર ગુજરાતની અતિપ્રાચિન સંસ્કૃતિનું ઉત્તમ પ્રતિક છે. મોઢેરા અથવા મોટેરાપુર એ મોઢ બ્રાહ્મણોનું મૂળસ્થાન હતું. પ્રાચિનકાળમાં મોઢેરા સૂર્યપૂજકોનું મુખ્ય સ્થાન હતું. પ્રાચિન ધર્મશાસ્ત્રોમાં મોઢેરા તથા તેની આજુબાજુનાં પ્રદેશને ધર્મારણ્યક્ષેત્ર તરીકે ઓળખવામાં આવે છે. સ્કંદપુરાણ તથા બ્રહ્મપુરાણમાં મોઢેરાનો ઉલ્લેખ ધર્મારણ્ય તરીકે કરવામાં આવ્યો છે.

મોટેરા સત્યયુગમાં ધર્મારણ્ય ક્ષેત્ર, વ્યથા યુગમાં સત્યમંદિર, દ્વાપર યુગમાં વેદભુવન અને કળિયુગમાં મોઢેરા ઓળખાવા લાગ્યું. લોકવાયકા છે કે ભગવાન શ્રી રામચંદ્રજી વનવાસે નીકળ્યા હતા ત્યારે અહીં પધાર્યા હતા. ભગવાન રામચંદ્રજીએ અહીં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ દેવોની સન્મુખ """સૂર્યદેવની પૂજા કરી હતી. પ્રાચિન સાહિત્યનાં ઉલ્લેખમાં મોઢેરા હરિક્ષેત્ર તરીકે પ્રચલિત હતું પછી મહોરિકપુર અને મોટેરક પછી મોઢેરા તરીકે ઓળખાય છે.

મહેસાણાથી ૨૫ કિ.મી.ના અંતરે આવેલું સુપ્રસિધ્ધ મોઢેરા સૂર્યમંદિર ગુજરાતને સોલંકીઓના શાસનથી સૂવર્ણશક્તિ પ્રદાન છે. સોલંકીયુગના આ સૂર્યમંદિરના ગર્ભગૃહમાં ભીંતમાં સંવત ૧૦૮૩નો શિલાલેખ છે. ઈ.સ. ૧૦૨૦માં આ મંદિર બંધાયું હશે. મોઢેરાનું સૂર્યમંદિર પુષ્પાવતી નામની નદીના ડાબા કિનારે મોઢેરા ગામમાં નિર્માણ થયું છે. પૌરાણિક સમયમાં મોઢેરા તીર્થસ્થાન ગણાતું હતું. સૂર્યમંદિરમાં હાલ ગર્ભગૃહ, રંગમંડપ, ગૂઢમંડપ સાથે શિખર વગર ઉભું છે. આ ત્રણેય પરિસરની કુલ લંબાઇ લગભગ ૧૪૫ ફુટ છે. ગર્ભગૃહ અને ગૂઢમંડપ બંને ૭૦ ફુટ લંબાઇ અને ૫૦ ફૂટ પહોળાઈમાં છે. સભામંડપ ૫૦ ચોરસ ફટ છે. ગર્ભગૃહ છ માળનું હશે તેમ મનાય છે. અહીં ૧૬ ફૂટ લાંબો અને ૨૦ ફૂટ પહોળો """સૂર્યકુંડ" છે. આ સૂર્યકુંડ પણ કલાત્મક કોતરણીથી સુશોભિત છે. સૂર્યમંદિરની સામે જ રંગમંડપ છે તે ગૂઢમંડપ કરતા એક ફૂટ નીચો છે. રંગમંડપો અદભૂત શિલ્પ કોતરણીથી કંડારાય છે અને તેથી જ કદાચ જીવંત લાગે છે. આ બેનમૂન કલાકૃતિ દર્શનીય છે. બેનમૂન કલાકૃતિથી શોભતું આ સૂર્યમંદિર વાતાવરણને સૂર્યમય અને સોનેરી બનાવી મુકે છે.

મોઢેરાના સૂર્યમંદિરના સાંનિધ્યમાં "ઉત્તરાર્ધ શાસ્ત્રીય મહોત્સવ" ઉજવાય છે ત્યારે શિલ્પકલા અને નૃત્યકલાનો પવિત્ર સંગમ રચાય છે. આ પવિત્ર સંગમનું કલામય રસપાન કરવા કલારસિકો, દેશ-વિદેશનાં લોકો મોઢેરા પધારે છે. નૃત્યકલાની સાથે સાથે શિલ્પકલાને જીવંત નિહાળી ઉત્સવનો આનંદ લે છે. "ઉત્તરાર્ધ શાસ્ત્રીય મહોત્સવ" એ અનોખો સાંસ્કૃતિક મહોત્સવ છે અને આ ગુજરાતનો ભવ્ય વારસો ગુજરાતનું સ્થાપત્ય ભારતભરમાં શ્રેષ્ઠ સ્થાપત્યોનું હરોળમાં યશસ્વી અને ગૌરવપ્રદ છે.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

# બીબીએ કૉલેજ દ્વારા 'પ્રેક્ટિકલ એસ્પેક્ટ્સ ઓફ માર્કેટિંગ' વિષય અંતર્ગત વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર ની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) ના તૃતીય વર્ષના ૬૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. માર્કેટિંગ ક્ષેત્રે સફળ કારકિર્દીના ઘડતર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ ઉપસ્થિત રહ્યા હતા તેમજ આજના મુખ્ય વકતા પ્રતિશ યાજ્ઞિક (બીજનેસ મેનેજર-ટ્રોઈકા ફાર્માસ્યુટિકલ લી ને આવકાર્યા હતા. કોલેજ તરફથી ઉપાચાર્ય તેમજ પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટીનાં હેડ ડો.જયેશ તન્ના દ્વારા મુખ્ય વક્તા નો પરિચય આપવામાં આવ્યો હતો. પ્રતિશભાઈ દ્વારા વિદ્યાર્થીઓને ખુબ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આજના તજજ્ઞ વકતા જે આજે પ્રોફેશનલ ટ્રેનર તરીકે તાલીમ આપે છે. ડો.જયેશતન્ના સાહેબ દ્વારા સાંપ્રત વિષય પર વિદ્યાર્થીઓને પ્રાથમિક માહિતી આપી વર્કશોપ માટે સુસજ્જ કર્યા હતા. જેમાં ગ્રાહક નો સંતોષ, પ્રાથમિક જરૂરિયાત, માઈન્ડ સેટ, વ્યૂહરચના, નેતૃત્વ, યોગ્ય પ્લાનિંગ વગેરે મુદાઓ પર સુંદર છણાવટ કરી હતી.પ્રિતેશભાઇ દ્વારા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કારકિર્દી



ના ઘડતર માટે પહેલા આંતરિક રીતે વ્યક્તિનો વિકાસ થાય તેમજ તે પોતાના ધ્યેયને પામવા કઈરીતે અગ્રેસર થઈ શકતે બાબતે તલસ્પર્શી માહિતી આપી હતી.

વિદ્યાર્થીઓને માર્કેટિંગ માં કારકિર્દી ઘડવા માટે પહેલાથી જે તે ક્ષેત્ર માટે પુરતી સમજ કેળવવી જોઈએ.તેમજ તેમને માર્કેટિંગ ક્ષેત્રમાં રૂચી હોય તો તેમાં આગળ વધવું જોઈએ બીજાની સફળતા કે સલાહ મુજબ પોતે પણ શ્રેષ્ઠ કારકિર્દી નું ઘડતર કરશે તેમ સમજવા ના બદલે પોતાની આંતરિક શક્તિ ને ઓળખી મેનેજમેન્ટ ના ઉપરોક્ત ક્ષેત્રને પસંદગી કરવી જોઈએ વધુમાં તેમને જણાવ્યું કે મેનેજમેન્ટ ના તમામ ક્ષેત્રમાં ખુબ ઉજવવળ તકો છે.પરંતુ વિદ્યાર્થી ને પોતાની રૂચી તેમજ તેની આવડત ને આધારે કારકિર્દી ઘડતર નો મહત્વ નો નિર્ણય લેવો જોઈએ. તાલીમ અને વિકાસ એ કોઈપણ ઓર્ગેનાઈઝેશન ને સરળતાપૂર્વક તેમજ સફળતાપૂર્વક ચલાવવા જરૂરી પાસાઓ છે. સાથેસાથે તેઓએ જણાવ્યું હતું.કે તેઓ બીબીએ ના વિદ્યાર્થીઓને ઉપરોક્ત ક્ષેત્રમાં ઈન્ટર્નશીપ તેમજ જોબ પ્લેસમેન્ટ માટે મદદરૂપ થશે. પરંતુ પહેલા વિદ્યાર્થી ને પોતે યોગ્ય વિકલ્પની પસંદગી કરવી પડશે. સાથે સાથે વિદ્યાર્થીઓ ને ઈન્ટરવ્યું માટેની તૈયારી બાબતે પણ ખુબ ઉપયોગી માર્ગદશન આપ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ની બીબીએ કોલેજ વિદ્યાર્થીઓ ને પ્લેસમેન્ટ તેમજ ઈન્ટર્નશીપ બાબતે વર્ષપર્યંત પ્રયત્નશીલ રહે છે. સાથે સાથે સમગ્ર વરહ દરમ્યાન અભ્યાસક્રમ ની સાથે સાથે વિવિધ વિષયો પર ગુણવત્તા સભર તાલીમ વર્ગ નું પણ આયોજન કરે છે. જે તેઓ માટે ખુબ ઉપયોગી સાબિત થશે.

# ફોરેન્સિક વિજ્ઞાન ગુનેગારોને ઝડપી સજા અપાવવામાં મદદરૂપ બનશે : અમિત શાહ

ગાંધીનગર, તા. ૨૦

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં દિલ્હી ખાતે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર અને દિલ્હી પોલીસ વચ્ચે તા.૧૯મી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ ઐતિહાસિક સમજૂતી કરાર (MoU) થયા છે. જે અંતર્ગત દિલ્હીના દરેક પોલીસ સ્ટેશન માટે ૧૧૯ ફોરેન્સિક આસિસ્ટન્ટ અને સીનિયર ફોરેન્સિક આસિસ્ટન્ટની નિમણૂક કરાશે. જેઓ પોલીસ સ્ટેશનના તપાસનીસ અધિકારીઓને ક્રાઈમ સીન મેનેજમેન્ટમાં જરૂરી વૈજ્ઞાનિક સહાય પુરી પાડશે. જેના કારણે ગુનાની વૈજ્ઞાનિક તપાસમાં ગતિ આવશે અને સચોટ-મજબૂત પુરાવા કોર્ટ સમક્ષ રજૂ કરી ગુનેગારોને કડક સજા અપાવવામાં મદદરૂપ સાબિત થશે. જેથી, જસ્ટિસ ડિલિવરી સિસ્ટમ વધુ સુદ્રઢ બનશે.

સમજૂતી કરાર સમયે કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી કિશન રેડ્ડી, ભારત સરકારના ગૃહસચિવ અજયકુમાર ભલ્લા, નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગરના કુલપતિ ડો. જે. એમ. વ્યાસ, કેમ્પસ ડાયરેક્ટર પ્રો. એસ. ઓ. જુનારે અને દિલ્હી પોલીસ કમિશનર એસ. એન. શ્રીવાસ્તવ અને સંબંધિત વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે મારી ઉપસ્થિતિમાં નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર અને દિલ્હી પોલીસ વચ્ચે મહત્ત્વના કરાર થયા છે. આ નવી પહેલથી હું આનંદ અનુભવું છું. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વમાં સૌપ્રથમ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીનું સ્વપ્ન મૂર્તિમંત કર્યું છે. જેનો હેતુ ગુનાની વૈજ્ઞાનિક તપાસ કરી સચોટ વૈજ્ઞાનિક પુરાવા કોર્ટ સમક્ષ રજૂ કરવાનો છે. જેનાથી ગુનેગારોને દાખલારૂપ સજા મળે અને અન્ય લોકો પણ સજા કરતાં અટકે.

### નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી અને દિલ્હી પોલીસ વચ્ચે ઐતિહાસિક કરાર થયા : ડો. જે. એમ. વ્યાસ

ગુનેગારને પકડવા માત્રથી ગુનાનું નિયંત્રણ ન થાય, પરંતુ ગુનેગારને, ખાસ કરીને જઘન્ય અપરાધીઓને કડક સજા મળવી જોઈએ, એમ કહી કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે આ માટે બે બાબતો ખૂટતી કડી હતી. જેમાં વૈજ્ઞાનિક પુરાવાનો અને માનવબળનો અભાવ સામેલ હતા. ગુનેગારને કોર્ટમાં સજા મળે તે માટે વૈજ્ઞાનિક પુરાવા એકત્રિત કરી શકે તેવું માનવબળ જરૂરી હતું. આ માટે ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી દ્વારા ડિગ્રી આધારિત કોર્સ શરૂ કરાયા છે. હવે આ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી નેશનલ બની જતાં અનેક રાજ્યોમાં ફોરેન્સિક કોલેજ અને સેન્ટર ફોર એક્સેલન્સની સ્થાપના થાય તે માટે અનેક રાજ્યોનાં મુખ્યમંત્રીઓએ તત્પરતા દાખવી છે. જેનાથી ફોરેન્સિક સાયન્સિસ ક્ષેત્રે પ્રશિક્ષિત માનવબળ ઉપલબ્ધ બનશે. આજે મને આનંદ છે કે દિલ્હી પોલીસમાં ૧૧૯ ફોરેન્સિક સહાયકની નિમણૂક થવા જઈ રહી છે. જેનાથી વૈજ્ઞાનિક અભિગમથી ગુનાઓના ઉકેલમાં ગતિ આવશે અને ગુનેગારોને સચોટ પુરાવાઓને આધારે કોર્ટ દ્વારા ઝડપી સજા મળશે.

આ પ્રસંગે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર કુલપતિ ડો. જે. એમ. વ્યાસે જણાવ્યું કે આ કરાર દેશ માટે ઐતિહાસિક સિદ્ધિ કહી શકાશે. દેશની રાજધાનીમાં અનેક પ્રકારનાં ગુનાઓ આચરવામાં આવતા હોય છે. સામાન્ય રીતે આવા ગુનાઓની તપાસ પોલીસ માટે પડકારરૂપ બની જતી હોય છે ત્યારે ગુનાઓની વૈજ્ઞાનિક તપાસ અને સચોટ વૈજ્ઞાનિક પુરાવાઓ ગુનેગારને કડક સજા મળે તે માટે જરૂરી છે. આ સરકારે દૂરંદેશી સાથે આ એક નવી પહેલ કરી છે કે જેમાં દરેક પોલીસ સ્ટેશનમાં ફોરેન્સિક નિષ્ણાતો તેમની સેવાઓ પુરી પાડશે અને ગુનાઓની તપાસ અને શોધમાં ચાવીરૂપ ભૂમિકા ભજવશે. જેને કારણે કોઈપણ ગુનેગાર કાયદાથી છટકી શકશે નહીં.

# રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક (નાબાર્ડ) દ્વારા આજીવિકા અને ઉદ્યમિતા વિકાસ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

નવસારી જીલ્લાના ગણદેવી તાલુકાના ગોયંદી ગામે નાબાર્ડ અને શ્રી સિદ્ધિવિનાયક રૂરલ ડેવેલોપમેન્ટ ટ્રસ્ટ, બીલીમોરાના અમલીકરણ હેઠળ ૫૦ થી વધારે સખી મંડળની બહેનો માટે આજીવિકા અને ઉદ્યમિતા વિષય ઉપર બહેનોને પગભર થવા માટે નાબાર્ડ, નવસારી દ્વારા એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે નાબાર્ડના ડીડીએમ બી. કે. સામંતરાય દ્વારા સખીમંડળની બહેનોને સ્વનિર્ભર બનવા માટે કઇ રીતે બચત કરવી, ઘર બેઠા કેવા ઉદ્યોગ કરી શકાય તેમજ પ્રોજેકટર દ્વારા અન્ય સખીમંડળોની સકસેસ સ્ટોરીની ફિલ્મ બતાવીને બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા.




વલસાડ ડીસ્ટ્રીકટ બેંકના વિશાલભાઇ ટંડેલ દ્વારા બેંકિગની વિવિધ સેવાઓની માહિતી આપવામાં આવી હતી. ડીઆરડીએ નવસારીના આસિસ્ટંટ પ્રોજેકટ મેનેજર જીનલબેન પટેલ તથા કલ્સ્ટર કોઓડીનેટર નિલમબેન પટેલ દ્વારા સખીમંડળની બહેનોને આજીવિકા અને સ્વનિર્ભરતા અંગે માર્ગદર્શન આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જેસીઆઇના સરજુભાઇ એન્જિનિયર દ્વારા સંકલ્પ, સિદ્ધિ અને સ્વપ્ન જોવાની અને મેળવવાની મોટીવેશન સ્પીચ આપી હતી. કાર્યક્રમનું સંચાલન ડો. અર્ચનાબેન મહેતા અને આભારવિધિ ટ્રસ્ટના પ્રમુખ મુકેશભાઇ મહેતાએ કરી હતી.

# એસ.એસ.વી કેમ્પસના વિદ્યાર્થીઓએ પોસ્ટકાર્ડ બનાવ્યા

ગાંધીનગર, તા. ૨૦

આજના આ ડિજીટલ અને ટેક્નોલોજીના યુગમાં જ્યારે મોબાઈલથી સંદેશાની આપ-લે ઝડપી અને સહેલી બની ગઈ છે.ત્યારે તમે વિચારી તો જૂઓ કે જ્યારે આપણા વડીલો પાસે આવી કોઈ વ્યવસ્થા નહતી ત્યારે તેઓ સંદેશા મોકલવા માટે પોસ્ટકાર્ડનો ઉપયોગ કરતા હતા.જે મળતા કેટલાય દિવસો નીકળી જતા હતા, અને અત્યારે તો બાળકો પોસ્ટકાર્ડ, પોસ્ટઓફિસ અને પોસ્ટમેન વિષે બીલકૂલ અજાણ છે. તો આ બધાથી બાળકોને પરિચિત કરાવવા ગાંધીનગરમાં આવેલી એસ. એસ. વી કેમ્પસના વિદ્યાર્થિઓએ પોસ્ટકાર્ડ બનાવીને તેનું મહત્વ સમજાવ્યું હતું.






